**વિપુલ ચૌધરી**
પૂર્વ ગૃહમંત્રી, ગુજરાત રાજ્ય.

''પંચશીલ'', કે-૭, સેક્ટર-૨૬, ગાંધીનગર. ફોન : ૦૭૯ - ૩૨૩૮૩૮૧, ૩૨૩૭૫૦૭.

તા.૧૩/૧૨/૨૦૨૦

મીડીયા સેલ

મહારાષ્ટ્રમાં દુકાળ સમયે સહાય રૂપે મોકલેલ પશુદાનની રકમ અંદાજીત રૂ. 22.5 કરોડના 10% દૂધસાગર ડેરીમાં સાત દિવસમાં જમા કરાવવાની શરતે સહકારી રાજ્ય રજિસ્ટ્રારના હુકમ સામે સહકારી ટ્રીબ્યુનલે તા. 8/10/2018 ના રોજ કામચલાઉ મનાઈ હુકમ આપેલ. તે મુજબ રૂ. 2.25 કરોડ મેં ડેરીમાં તા. 16/10/2018 ના રોજ જમા કરાવ્યા હતા. ત્યારબાદ ટ્રીબ્યુનલે રૂ. 22.5 કરોડના વધુ 40% રકમ જમા કરાવવાની શરતે તા. 29/07/2019 ના રોજ કાયમી મનાઈ હુકમ આપેલ. તે મુજબ બીજા રૂ. 9 કરોડ પણ ઉછીના લઈને મેં તા. 20/08/2019 થી તા 29/08/2019 વચ્ચે જમા કરાવેલ છે. આમ કુલ રૂ. 11.25 કરોડ મેં ડેરીમાં જમા કરાવ્યા છે. રૂ. 9 કરોડ જે ઉછીના લીધેલા તે જમીનોનું બાનાખત કરીને પરત કર્યા છે. જમા કરાવેલ રકમ એ વસુલાત નથી અને સહકારી ટ્રીબ્યુનલમાં કેસ હજી ચાલુ છે. આ દુષ્કાળમાં મોકલેલ સહાયની રકમ નો મામલો છે, કોઈ નાણાકીય કૌભાંડ નથી.

આપનો વિશ્વાસું,

વિપુલ ચૌધરી